# ભારત બંધના કારણે જનજીવન સંપૂર્ણ અસ્તવ્યસ્ત

નવીદિલ્હી, તા.૨૦

ડીઝલની કિંમતમાં કમરતોડ ભાવવધારા, રિટેલમાં એફડીઆઈની સામે ભારત બંધના કારણે આજે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. મોટાભાગના ભાજપ શાસિત રાજ્યોમાં બંધની મજબૂત અસર જોવા મળી હતી. બીજી બાજુ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. બંધમાં મોટી સંખ્યામાં વેપારીઓ અને કારોબારીઓ જોડાતા તેની સીધી અસર જોવા મળી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સપાનાં નેતા મુલાયમસિંહ અને અન્ય ટોચનાં નેતાઓ ધરપકડ વ્હોરી હતી. દેશનાં જુદા જુદા ભાગોમાં ભાવ વધારાનાં મામલે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. બંધનાં સમર્થકો મેદાનમાં ઉમટી પડ્યા હતા.

બંધનાં ભાગરૂપે ઘણી જગ્યાએ લોકો સવારે જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. વાહન વ્યવહાર અને ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. બંધના સમર્થકોએ ઘણી જગ્યાઓએ વાહન વ્યવહારને બંધ કરાવવાની ફરજ પાડી હતી. કેટલાક ભાગોમાં તોડફોડ થઈ હોવાના પણ અહેવાલો મળ્યા છે.



એનડીએ અને અન્ય રાજકીય પક્ષોએ આપેલા ભારત બંધને કેટલીક વેપારી સંસ્થાઓ પણ ટેકો ગઈકાલે જ જાહેર કરી દીધો હતો. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજૂરી આપવાનો જોરદાર વિરોધ થયો હતો. સાથે સાથે ડીઝલની કિંમતમાં ભાવવધારાનો પણ વિરોધ થયો હતો. દેશના ઘણા ભાગોમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. મહાબંધના લીધે દુકાનો, વેપારી પેઢીઓ, સ્કૂલો બંધ રહી હતી. ભારત બંધને ડાબેરીઓ, સમાજવાદી પાર્ટી, ડીએમકે અને અન્યોએ પણ ટેકો આપ્યો હતો. ઘણી વેપારી સંસ્થાઓ અને મોટર યુનિયનોએ પણ બંધને ટેકો આપ્યો હતો. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપના કાર્યકરોએ શહેરમાં ૧૦૦ જગ્યાઓએ માર્ગો બ્લોક કર્યા હતા. સમાજવાદી પાર્ટીનાં નેતા મુલાયમસિંહે ધરપકડ વ્હોરી હતી. મેટ્રો સર્વિસને પણ અસર થઈ હતી.

## ભારત બંધથી ૧૨૫૦૦ કરોડનું જંગી નુકશાન થયું

મલ્ટી બ્રાન્ડ રીટેલમાં એફડીઆઇને મંજુરી આપવા અને ડિઝલની કિંમતમાં ભાવ વધારાનાં સરકારનાં નિર્ણયની સામે આજે અપાયેલા ભારત બંધનાં કારણે ભારતીય અર્થતંત્રને ૧૨૫૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે. અથવા તો ૨.૨૫ અબજ ડોલરનું નુકશાન થયું છે.

સીઆઇઆઇ દ્વારા આજે આ મુજબનો આંકડો આપવામાં આવ્યો હતો. વાસ્તવિક આંકડો જાણી શકાયો નથી પરંતુ પ્રડોક્શન અને વેપારમાં ખલેલથી ૧૨૫૦૦ કરોડનું નુકશાન થયું છે.

ઓટો માર્ગો પર દેખાયા ન હતા. સાવચેતીના પગલાં રૂપે એનસીઆર પ્રદેશમાં તમામ સ્કૂલો બંધ રાખવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં ભાજપ અને સપાના કાર્યકરોએ મથુરા, વારણસી, લખનૌઉ અને અલ્લાહબાદમાં ટ્રેનોને ટાર્ગેટ બનાવી ઘણી ટ્રેનોને રોકી હતી. શાસક પક્ષનો ટેકો હોવાથી ઉત્તર પ્રદેશમાં બંધને મજબૂત ટેકો મળ્યો હતો. હરિયાણામાં ફરિદાબાદ ખાતે આઈએનએલડીના કાર્યકરોએ રેલવે ટ્રેક ઉપર નાંકાબંધી કરી હતી. જમ્મુ, શિમલા, લુધિયાણા અને પ્રદેશના અન્ય શહેરોમાં ભાજપના કાર્યકરો શેરીઓમાં ઉતરી ગયા હતા. ભારત બંધને ડાબેરી પક્ષોએ પણ ટેકો આપ્યો



હતો. પશ્ચિમ બંગાળમાં સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. ઓફિસમાં હાજર રહેવા સરકારી કર્મચારીઓને પશ્ચિમ બંગાળે વિનંતી કરી હતી. ભાજપ અને જેડીયુના કાર્યકરોએ રાજેન્દ્રનગર ટર્મીનસ ખાતે વહેલી સવારે ટ્રેનો રોકી હતી. જુદા જુદા અન્ય રાજકીય પક્ષો પણ બંધમાં જોડાયા હતા. ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરની બંધની મજબૂત અસર જોવા મળી હતી. જો કે ભારત બંધની અસર વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઓછી દેખાઈ હતી કારણ કે ગણેશ ઉત્સવના અનુસંધાનમાં શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ બંધને ટેકો આપ્યો નથી. મોટાભાગની બસ માર્ગો ઉપર દેખાઈ હતી. લોકલ ટ્રેનો પણ સામાન્ય રીતે દોડી હતી. ગુજરાતમાં બંધની સીધી અસર જોવા મળી હતી. અમદાવાદ શહેરમાં માર્ગો ઉપર વાહનો દેખાયા ન હતા. સ્કૂલ અને કોલેજો પણ રાજ્યના મોટાભાગના શહેરોમાં બંધ રહી હતી. છતીસગઢમાં પણ સ્થિતિ વધારે સારી રહી ન હતી. ભાજપના કાર્યકરો શેરીઓમાં આવી ગયા હતા. ભારત બંધની અસર દક્ષિણમાં મજબૂત રહી હતી. બેંગ્લોર, હુબલી, મેંગ્લોર અને મેસૂરમાં બંધની સ્થિતિ રહી હતી. બેંગ્લોરમાં બસ ખાલી નજરે પડી હતી. મોટાભાગની ઓફિસો અને આઈટી કંપનીઓ બંધ રહી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા ૧૭૦૦૦ પોલીસ જવાનો તૈનાત કરાયા હતા. તમિલનાડુમાં બંધ પાળવા મોટાભાગના રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી ગયા હતા. કેરળમાં પણ ડાબેરીઓએ ભારત બંધને સફળ બનાવવા તમામ પ્રયાસો કર્યા હતા. કેરળમાં તમામ સ્કૂલો-કોલેજો બંધ રહી હતી.

## આર્મ્સ ડિલર અભિષેક વર્મા સામે ફોર્જરી કેસ દાખલ થયો

નવી દિલ્હી, તા.૨૦

બિઝનેસમેન અને આર્મ્સ ડિલર અભિષેક વર્મા સામે ફોર્જરી અને છેતરપિંડીનો નવો કેસ દાખલ કરવામાં આવ્યો છે. મિડિયા અહેવાલમાં આજે આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. એવા અહેવાલ મળ્યા છે કે અભિષેક વર્માએ પુરાવાનાં અભાવનાં કારણસર કેટલાક પગલાઓ લીધા હતા.

સીબીઆઈનાં એક અધિકારીનાં પત્ર સાથે અભિષેક વર્માએ ચેડા કર્યા હતા. તેમની સામે તપાસ કરવાનાં સંબંધમાં આ પત્ર હતો. વર્મા અને તેમના પત્નીની મની લોન્ડરીંગ કેસનાં સંબંધમાં ૨૨મી ઓગસ્ટનાં દિવસે ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સરકારની બ્લેક લિસ્ટની યાદીમાંથી સ્વિસ શસ્ત્ર કંપનીને દુર રાખવા બદલ આ નાણાં અભિષેક વર્માને મળ્યા હતા. આ મામલામાં બંને સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ઈડીની ટીમે તેમનાં નિવેદનની નોંધણી કર્યા બાદ પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટની કઠોર જોગવાઈ હેઠળ આ દંપતિની ધરપકડ કરી હતી. વર્મા અને તેમની રોમાનીયન પત્ની મારિયાની ધરપકડથી ખળભળાટ મચી ગયો હતો. અગાઉ ભ્રષ્ટાચારનાં કેસનાં સંબંધમાં આઠમી ઓગસ્ટનાં દિવસે આ બંનેને જામીન આપવામાં આવ્યા હતા. ભારત સરકાર તરફથી બ્લેક લિસ્ટ કરવાની પ્રક્રિયાને રોકવા તેમનાં પ્રભાવનો ઉપયોગ કરવા બદલ આરએડી પાસેથી ૫૩૦૦૦૦ની રકમ મેળવવા બદલ સીબીઆઈ દ્વારા આ બંને સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સીબીઆઈ ૬૦ દિવસનાં નિર્ધારીત ગાળામાં તેમની સામે પ્રથમ ચાર્જશીટ રજુ કરવામાં નિષ્ફળ રહેતા બંનેને જામીન મળી ગયા હતા.

# મફત દવા સ્કીમ માટે ૧૩૦૦ કરોડની જંગી રકમ મંજૂર

નવી દિલ્હી, તા.૨૦

તમામ માટે મફત દવા ઉપલબ્ધ કરાવવાની દિશામાં ભારત સરકારે મહત્વપૂર્ણ પગલું લીધું છે. મફત દવાની સ્કીમને ૧૩૦૦ કરોડ રૂપિયાને મંજૂરી મળી ગઈ છે. દવાઓની ખરીદી કરવા માટે ટેકો આપવાના હેતુસર રાજ્યો માટે નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ) હેઠળ ૧૩૦૦ કરોડ રૂપિયાને કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ગુલામનબી આઝાદે લીલીઝંડી આપી દીધી છે. આરોગ્ય પ્રધાનની લીલીઝંડી મળ્યા બાદ મફત દવા માટેની સ્કીમને પ્રોત્સાહન મળે તેવી શક્યતા છે. સરકાર સંચાલિત હોસ્પિટલો માટે આનાથી સામાન્ય દવાઓની ખરીદી કરવામાં મદદ મળશે. સાથે સાથે જનની-શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ઘણી જરૂરિયાતો પણ પૂરી થશે. દવાની ખરીદી કરવા માટે રાજ્યો તરફથી રજૂઆત પણ અગાઉ કરવામાં આવી હતી. જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં બાળકને જન્મ આપનાર તમામ સગર્ભા મહિલાઓને મફતમાં સારવાર આપવામાં આવશે. ઉપરાંત કોઈપણ રકમ ડિલીવરી વેળા ચૂકવવી પડશે નહીં. સિઝિરિયન પણ મફતમાં કરાશે. યુઝર ચાર્જમાંથી મુક્તિ, મફત દવા, લોહી અને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

સામાન્ય ડિલીવરીના કેસમાં ત્રણ દિવસ સુધી મફત જમવાની વ્યવસ્થા અને સારવાર અને સી-સેક્શનના કેસમાં સાત દિવસ સુધી મફત જમવાની વ્યવસ્થા અને તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુલામનબી આઝાદે જરૂરી દવાઓની યાદીના સંબંધિત એક વિસ્તૃત દસ્તાવેજ તૈયાર કરવા તમામ રાજ્યોને સુચના આપી છે. સાથે સાથે ધારાધોરણવાળી સારવારની વ્યવસ્થા, નવી વ્યવસ્થા અમલી બનાવવા અને સપ્લાય ચેન મેનેજમેન્ટ અંગે જરૂરી અહેવાલ તૈયાર કરવા પણ રાજ્યોને કહેવામાં આવ્યું છે. રાજ્યો પહેલાંથી જ દવાઓ ખરીદવા બજેટ ધરાવે છે પરંતુ આ રકમ પૂરતી નથી. નવેસરની ફાળવણી ૨૦૧૨-૧૩ માટેના રાજ્ય બજેટને ટેકો આપશે. અધિકારીઓનું કહેવું છે કે રાજ્યો ખુલ્લા ટેન્ડર મારફતે દવા મેળવવાના હકદાર રહેશે. ટેન્ડરો માટે કંપનીઓ અરજી કરી શકશે. આ કંપનીઓને પ્રમાણપત્ર અને તમામ સારી ચીજવસ્તુઓ દસ્તાવેજો સાથે ઉપલબ્ધ કરાવવી પડશે. મંત્રાલયે કહ્યું છે કે દવાઓની ખરીદી પર ૭૫ ટકા ખાનગી આઉટ ઓફ પોકેટ આરોગ્ય ખર્ચ સરકાર ઉપાડશે.

## નાયડુ ૧૧૭ દિનની પદયાત્રા હાથ ધરશે

ટીડીપીનાં નેતા એન ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું છે કે ત્રીજા મોરચાની શક્યતા રહેલી છે. કારણ કે કોંગ્રેસ અને ભાજપ બંને નબળા દેખાઇ રહ્યા છે. હૈદરાબાદનાં પત્રકારો સાથે વાતચીત કરતાં નાયડુએ કહ્યું હતું કે યુપીએનાં સાથીપક્ષો ગઠબંધનને છોડીને જઇ રહ્યા છે. કારણ કે કોંગ્રેસ દ્વારા એકપક્ષીય નિર્ણય લેવામાં આવી રહ્યો છે. નાયડુએ કહ્યું હતું કે ત્રીજા મોરચાની શક્યતા દેખાઇ રહી છે. કારણ કે કોંગ્રેસ પાર્ટીની હાલત કફોડી બનેલી છે. ભાજપની સ્થિતી પણ મજબુત દેખાઇ રહી નથી. ટીડીપીનાં વડા બીજી ઓક્ટોબરથી આંધ્રપ્રદેશમાં ૧૧૭ દિવસની પદયાત્રા હાથ ધરનાર છે. જેમાં લોકોની સમસ્યાઓ ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે. આ યાત્રા તેલંગાણાં પ્રદેશનાં મહેબુબનગર જિલ્લામાં કોડાંગલ ખાતે શરૂ થશે. ચંદ્રાબાબુ નાયડુ આ યાત્રા દરમિયાન પક્ષની સ્થિતીને વધુ મજબુત બનાવવાનાં પ્રયાસ કરશે. યાત્રાને લઇને ટીડીપીનાં કાર્યકરોમાં પણ ઉત્સાહ દેખાઇ રહ્યો છે.

## સમાચાર ઝલક

- હિમાલયમાં સિઝનની પ્રથમ હિમવર્ષા.
- ગાંધીધામમાં ૧૧ કરોડનો વિદેશી દારૂ ઝડપાયો.
- ગુજરાતના ૮૨ ધારાસભ્યો ચૂંટણીથી વંચિત રહી શકે છે કારણ કે, બે બાળકોનાં ધારાધોરણ અપનાવે તો.
- બ્રિટનમાં ભારતીય તબીબો સામે ફરિયાદમાં નોંધપાત્ર વધારો.
- બી.એસ.એન.એલનો ફેસ્ટિવલ ધમાકો : ૧૧૧ રૂપિયાનું મોટું પેકેજ જાહેર.
- લગ્ન રાત્રે નહી થઈ શકે, મહેમાનો માટે માત્ર ચા-નાસ્તાનું આયોજન થાય તે માટે મહિલા બાળવિકાસ મંત્રાલયની વિચારણા.
- લંડનમાં મળશે 'ગાંધી થાળી' ૧૨ વાનગીઓ પીરશાસે, થાળીનો ભાવ રૂા.૯૮૦ હશે.
- અમરનાથના યાત્રાળુઓ માટે હેલ્થ કાર્ડ ફરજિયાત થશે, સુપ્રિમે બનાવેલી સમિતિની ભલામણ.
- તુલસી પ્રજાપતિ કેસ, સરકારની મંજૂરી વગર રાજ્ય સેવક સામે ચાર્જશીટ થઇ શકે નહીં.
- બેડમિન્ટન સ્ટાર સાયના નેહવાલની બ્રાન્ડ વેલ્યુ વધી, ૪૦ કરોડનો કોન્ટ્રાક્ટ, વિશ્વની સૌથી ધનિક બેડમિન્ટન સ્ટાર.
- એક ઘરમાં બે રસોડા હશે તો તેને સબસીડીવાળા સિલિન્ડર વધુ મળશે... બે ચુલા(સગડી) સ્પષ્ટ દર્શાવવા પડશે.
- ગુજરાતની આર્થિક ક્ષમતાના બ્રિટનમાં ગુણગાન ગવાયા.
- વિંછીયા પર સરકારના આશીર્વાદ, પ્રથમ તાલુકો બન્યો, હવે નગરપાલિકા બનશે, જીઆઇડીસી બનશે.
- ૪૦૦૦ કિ.મી. રેન્જની અગ્નિ-૪નું સફળ પરિક્ષણ, વિશ્વમાં ગણતરીના દેશોમાં ભારતનું સ્થાન.

## દેશ મધ્યસત્ર ચુંટણીની તરફ વધી રહ્યું છે : બાદલ

ચંદીગઢ, તા.૨૦

લોકસભાની ચુંટણી વહેલી તકે યોજાશે તેવો સંકેત આપવા પંજાબનાં મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે આજે કહ્યું હતું કે વર્તમાન રાજકીય સ્થિતી સંકેત આપે છે કે વહેલી તકે ચુંટણી યોજાઇ શકે છે. યુપીએનાં ચાવીરૂપ સાથી પક્ષોમાં અવિશ્વાસ દેખાઇ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે યુપીએ સરકારનું પતન થઇ શકે છે. ચંદીગઢમાં રાજ્યોનાં મુખ્ય સચિવોની પ્રથમ રાષ્ટ્રિય પરિષદમાં બોલતા પ્રકાશસિંહ બાદલે કહ્યું હતું કે યુપીએનાં સાથીપક્ષોમાં તિરાડ પડી ચુકી છે. યુપીએનાં સાથી પક્ષોમાં જુદા જુદા મુદ્દાઓને લઇને ગંભીર મતભેદો દેખાઇ રહ્યા છે. જેના લીધે તેવી શક્યતા છે કે લોકસભાની ચુંટણી વહેલી તકે યોજાઇ શકે છે. તેમણે એમપણ કહ્યું હતું કે કેન્દ્રમાં યુપીએ સરકારની અસ્થિરતાનાં કારણે રાષ્ટ્રિય સ્તરે લેવાઇ રહેલા નિર્ણયોથી સામાન્ય લોકોને નુકશાન થઇ રહ્યું છે.



મુખ્યમંત્રીએ ભારપુર્વક કહ્યું હતું કે સામાન્ય લોકો માટે કામ કરસે તેવા વચન સાથે સત્તા ઉપર આવેલી યુપીએ સરકાર સમાજનાં મહત્વપુર્ણ વર્ગને સંપુર્ણ પહે ભુલી ચુકી છે. અન્ય એક પ્રશ્નનાં જવાબમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે રાષ્ટ્રવ્યાપી બંધ પાળીને લોકોએ યોગ્ય જવાબ આપી દીધો છે. સામાન્ય લોકો ભાવ વધારા અને અન્ય નિર્ણયોથી નાખુશ દેખાઇ રહ્યા છે. કેન્દ્રમાં યુપીએ સરકારે ડિઝલની કિંમતમાં ભાવ વધારો કર્યો છે. ઉપરાંત સ્થાનિક સબસીડી વાળા એલપીજી સિલિન્ડરો પણ મર્યાદીત કર્યા છે રિટેલ સેક્ટરમાં એફડીઆઇને મંજુરી આપવામાં આવી છે. આનાથી દેશનાં નાના વેપારીઓ બેરોજગાર થશે.

# ૮૭૦ કરોડના રિબોક કાંડમાં ભૂતપૂર્વ એમડીની અંતે ધરપકડ

ગુડગાંવ, તા.૨૦

૮૭૦ કરોડ રૂપિયાના છેતરપિંડી કેસના સંબંધમાં રિબોક ઈન્ડિયાના પાંચ કારોબારી અને પૂર્વ સીઓઓ વિષ્ણુ ભગતની આખરે ધરપકડ કરી લેવામાં આવી છે. ગુડગાંવ પોલીસની ખાસ તપાસ ટીમ દ્વારા તમામની ધરપકડ કરી લેવામાં આવી છે. હવે તેમની આંકરી પૂછપરછ હાથ ધરવામાં આવ્યા બાદ નવી વિગત સપાટી ઉપર આવી શકે છે. જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમાં રિબોક ઈન્ડિયાના પૂર્વ એમડી સુભેન્દરસિંહ પ્રેમ અને અન્ય કારોબારીઓનો સમાવેશ થાય છે. તેમના પર કંપનીને ૮૭૦ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તમામને કોર્ટમાં રજૂ કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૮૭૦ કરોડના




રિબોક છેતરપિંડી કેસમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જાણવા મળી રહ્યું છે. ૨૨મી મેના દિવસે ગુડગાંવ પોલીસે પૂર્વ એમડી અને અન્ય કારોબારીઓ સામે એમઆઈઆર દાખલ કરી હતી. પ્રેમ અને ભગત બંનેને કંપની દ્વારા છૂટા કરી દેવામાં આવ્યા છે. બંને ઉપર ચીજવસ્તુઓ વેચી દઈને એકત્રિત કરવામાં આવેલી રકમ કંપની ખાતામાં જમા નહીં કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પ્રેમ અને ભગત ઉપરાંત અન્ય જે ત્રણની ધરપકડ કરવામાં આવી છે તેમાં સુરક્ષિત ભટ્ટ, સંજીવ મિશ્રા અને પ્રશાંત ભટનાગરનો સમાવેશ થાય છે. આ કેસ અંગે સમાચાર સપાટી ઉપર આવ્યા બાદ ફોર્જરી, છેતરપિંડી, ફોજદારી કાવતરા, વિશ્વાસભંગ બદલ પ્રેમ અને ભગત સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. કંપનીએ પોલીસ સમક્ષ દાખલ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે આ બંને છેતરપિંડીની પ્રવૃત્તિમાં વર્ષોથી હતા. કંપનીને જંગી નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. પ્રેમ અને ભગતે દાવો કર્યો હતો કે તેઓ દ્વારા કોઈપણ બેદરકારી દાખવવામાં આવી નથી.

### ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૩) નિનાદ પી. ઠક્કર : સે-૪થી

પ્રશ્ન - કલ્પના ચાલવાએ સૌ પ્રથમ અવકાશયાત્રા કયારે કરી હતી?

જવાબ - ૧૯ નવેમ્બર ૧૯૯૭માં

(૪) ધ્રુવ મહેન્દ્રભાઈ પટેલ : સે-૨૬થી

પ્રશ્ન - કાપડ બનાવવાનું મશીન 'પાવરલૂમ' કોણ બનાવ્યું હતું?

જવાબ - ૧૭૮૫માં ઈંગ્લેન્ડના વૈજ્ઞાનિક એડમંડ કાર્ટરાઈટ

(૫) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી

પ્રશ્ન - કાર્બોદિત આપણને કા ખોરાકમાંથી મળે છે?

જવાબ - ખાંડ, શરબત, ફળો, દૂધ, અનાજ, ધાન્યો, બટાટા, કંદમૂળ, વગેરેમાંથી.

**આ સપ્તાહનો સવાલ...?**

**પ્રિયંકા ગાંધીના પતિનું નામ શું છે?**

*આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ*

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

**સાચા જવાબો :-**

[illegible]

## વડાપ્રધાનનાં હોદ્દા માટે ૧૪થી ૧૫ દાવેદારો છે

પટણા, તા. ૨૦


રાષ્ટ્રીય જનતા દળનાં વડા લાલુ પ્રસાદ યાદવે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે વડાપ્રધાનનાં દાવેદારમાં ૧૪થી ૧૫ લોકો છે. જેમાં તેઓ પોતે પણ સામેલ છે. પટણામાં પત્રકારો સાથે વાતચીત કરતાં લાલુ યાદવે કહ્યું હતું કે વડાપ્રધાનનાં હોદ્દા માટે બિહારનાં મુખ્યમંત્રી નિતિશકુમારની સાથે તેઓ પોતે પણ એક દાવેદાર છે. લાલુએ એમપણ કહ્યું હતું કે નિતિશકુમાર પહેલાથી જ વડાપ્રધાન બનવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. વડાપ્રધાન પદને લઈને એનડીએ અને યુપીએ બંને ગઠબંધનમાં જોરદાર ખેચતાણ ચાલી રહી છે. બંનેએ ગઠબંધન વડાપ્રધાન પદમાં ઉમેદવારનાં નામની જાહેરતા કરવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા છે. કારણ કે નામનો લઈને સાથીપક્ષોમાં ગુંચવણ ભરી સ્થિતી છે.

# વિશ્વમાં કુલ ૮૦ કરોડથી વધારે લોકો હિંદી બોલે છે

નવી દિલ્હી, તા.૨૦

હિંદી ભાષાને મહત્વ આપવાનાં દેશભરનાં પ્રયાસો યુદ્ધનાં ધોરણો ચાલી રહ્યા છે. ત્યારે કેટલાક નવા આંકડા અભ્યાસમાં સપાટી ઉપર આવ્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે ભારતની રાષ્ટ્રભાષા હિંદી વિશ્વની સૌથી વધારે બોલાતી બીજી ભાષા છે. બહુભાષીય ભારતના હિંદી ભાષી રાજ્યોની વસ્તી ૪૬ કરોડથી વધારે છે. ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ ભારતની ૧.૨ અબજ વસ્તીમાંથી ૪૧.૦૩ ટકાની માતૃભાષા હિંદી છે. હિંદીને બીજી ભાષા તરીકે ઉપયોગ કરનાર અન્ય ભારતીય રાજ્યોને ગણતરીમાં લેવામાં આવે તો દેશભરના ૭૫ ટકાથી વધુ લોકો હિંદી બોલી શકે છે. ભારતના અંદાજે ૭૫ ટકા હિંદી ભાષીઓ સહિત સમગ્ર વિશ્વમાં અંદાજીત ૮૦ કરોડ લોકો એવા છે કે જેઓ હિંદી બોલી શકે અને સમજી શકે છે.

ભારત ઉપરાંત નેપાળ, મોરીશીયસ, ફિજી, સૂરીનામ, યુગાન્ડા, દક્ષિણ આફ્રિકા, કેરેબીયન દેશો, ત્રીનીદાદ અને ટોબેગો તેમજ




કેનેડા સહિત દેશોમાં હિંદી બોલનાર લોકોની સંખ્યા પણ નોંધપાત્ર છે. આ ઉપરાંત ઈંગ્લેન્ડ, અમેરિકા, મધ્ય એશિયામાં પણ હિંદી બોલનાર અને સમજનારની સંખ્યા મોટી સંખ્યામાં છે. વૈશ્વિકરણ અને ભારતના વધતા જતા કદ સાથે ગત થોડા વર્ષોમાં હિંદી પ્રત્યે વિશ્વના લોકોની રૂચિ ઘણી વધી છે. દેશના અન્ય દેશો સાથે વધતા જતાં વેપાર પણ આ માટેનું એક કારણ છે. હિંદી પ્રત્યે વિશ્વની વધતી જતી ચાહતનો એક નમૂનો એ છે કે હાલમાં વિશ્વના લગભગ ૧૫૦ યુનિવર્સિટીઓમાં હિંદી ભણાવવામાં આવી રહી છે. વિવિધ દેશોમાં ૯૧ યુનિવર્સિટીઓમાં હિંદી ચેટ છે. ચીનમાં છ, જર્મનીમાં ૭, બ્રિટનમાં ૪, અમેરિકામાં ૫, કેનેડામાં ૩, રશિયા, ઈટાલી, હંગેરી ફ્રાન્સ અને જાપાનની બે યુનિવર્સિટીમાં હિંદી કોઈપણ રીતે સામેલ છે. વિશ્વમાં હિન્દીનો પ્રસાર વધારવાના હેતુથી ૨૨થી ૨૫ મી સુધી દક્ષિણ આફ્રિકાના જોહનીસ બર્ગમાં વિશ્વ હિંદી સંમેલન આયોજીત કરાયું છે. ભારત અને દક્ષિણ આફ્રિકા તરફથી તેનું સંયુક્ત ઉદઘાટન થશે.